શ્રી.

સુશીલા.

નાટકનાં ગાયનો.

શ્રી સત્ય વીજય દેશી નાટક સમાજને

માટે.

છપાવી પ્રગટ કરનાર.

M. G. Shah.

અમદાવાદ.

ધીકાંટે "જયન્તી" પ્રીન્ટીંગ પ્રેસમાં

પટેલ. દેસાઇભાઇ હીરાચંદે છાપી.

સંવત ૧૯૫૯ સને ૧૯૦૩

કીમત ૦—૨—૦

શ્રી.

સુશીલા.

નાટકનાં ગાયનો.

શ્રી સત્ય વીજય દેશી નાટક સમાજને

માટે.

છપાવી પ્રગટ કરનાર.

M. C. Shah.

અમદાવાદ.

ધીકાંટે "જયન્તી" પ્રીન્ટીંગ પ્રેસમાં

પટેલ. દેસાઇભાઇ હીરાચંદે છાપી.

સંવત ૧૯૫૯ સને ૧૯૦૩

કીંમત ૦—૨—૦

સુશીલા નાટકનાં ગાયનનો ટુંક સાર.

૧ સુત્રધાર નટી.

૨ પ્રતાપભાનુંની દીકરી સુશીલા, પોતાની સખીઓ સાથે બાગમાં શીવમંદરમાં દરશન કરવા જાય છે ત્યાંથી તેનું રાક્ષસો. એક એક હરણ કરે છે.

૩ જંગલમાં રજપુતોનું રાવણું ત્યાં પ્રતાપભાનુંનો સેનાપતી જોરશી મળ સુશીલા ખોવાયાના સમાચાર કહે છે ને તે લેકોને લઇને સોધેજાયછે.

૪ ચીત્રગઢના મહારાજ ચંદ્રસેનના પુત્ર ચીત્રસેન રાજભ્રષ્ટ થયાથી જંગલમાં ફરે છે ત્યાં અચાનક સુશીલાને મલેછે

૫ ચીત્રસેન જંગલમાં ફરે છે ત્યાં કૃત્યાસુર રાક્ષસના મ્રત્યુની સોધ કરવાની પેરવીમાં તેની પુત્રી મૃત્યુંકા રાક્ષણીનો મેલાપ થાય છે. પછી ચીત્રસેન તેને દારૂ પાઈ બેભાન કરીને તેના બાપના તથા તેના મોતની ખબર મેળવે છે ત્યાં રાક્ષણીને મારી નાખેછે

૬ ત્યાંથી કૃત્યાસુર રાક્ષસની સોધમાં જાય છે ત્યાં એક ધોધના પાહાડમાં જતા ગભરાય છે ત્યાં આકાશવાણી થાય છે. તે સાંભળીને પોતે સરવે કામ સુભ કરે છે.

૭ ઠાકરડાઓ સુશીલાની સોધમાં નીકળ્યા હતા તે સેનાપતી સાથે પતો નહી મલવાથી પાછા દેશમાં જાય છે.

૮ કૃત્યાસુર સુશીલાને અગ્નીમાતાનો ભોગ આપવા લઇ જાયછે ત્યાં આગલ ચીત્રસેન આવી બચાવે છે ત્યાં આગળ બંને પ્રેમી જોડું મલે છે ને ત્યાંથી સુશીલાને બાપને દેશ જવા નીકળે છે.

અંક બીજો.

૯ એ વાણીઆ વીચાર કરે છે.

૧૦ અજીતગઢના માહારાજ અજીતસીહનો નીરવંશ જવાથી સરવે સામંતોએ એવો ઠરાવ કર્યો છે કે એક રાવઠી નીચે કુમારીકા ઊભી રાખવામાં આવી છે ને તે કુમારીકા જેને હાર પહેરાવે તેને ગાદીપતી કરવો ત્યાં આગલ અચાનક ચીત્રસેન તથા સુશીલા પોતાના બાપના દેશ જતા ત્યાં આગળ આવી ચઢેછેને ચીત્રસેનને ગાદી મલેછે.

૧૧ કુભાર તથા કુભારણી તથા છોકરો

૧૨ ચીત્રસેન દરબાર ભરી બેઠા છે વીચાર કરતાં પોતાના બાપનું રાજ સેનાધીપતી દુસ્ટરાયે જે કપટથી લઇ લીધું છે તેના ઉપર ચઢાઇ કરે છે.

૧૩ ચીત્રસેન પ્રધાન ખાનગી વાત કરે છે ત્યાંથી પોતાની સ્ત્રી પાસે લડાઇની રજા લેવા જાય છે.

૧૪ સુશીલાનો ખાંનગી મહેલ ત્યાં આગળ ચીત્રસેન આવી સુશીલા ને સાથે લઇને યુંદ્ધમાં જાય છે.

૧૫ ચીત્રસેનનું લશકર

૧૬ દુસ્ટરાયનો ખાનગી મહેલ ત્યાં આગલ ખબર મલી આવે છે કે ચીત્રસેન મારા ઉપર મોટું લશકર લઇ ચઢી આવે છે ત્યાંથી દુસ્ટરાય ચીત્રસેનને દગાથી પકડવા જાય છે.

૧૭ ચીત્રસેન જંગલ અંદર પડાવ નાખી પોતાના તંબુ અંદર પોતે પોતાની સ્ત્રી. સુઇ ગયાંછે. ત્યાં આગલ દુસ્ટરાય માણુસો લઇને આવેછે નેતે બંનેને બેશુધ્ધ કરી ત્યાંથી, ઉપાડી જાયછે.

પછી ચીત્રસેનના લશકરને ખબર પડતાં લડાઇ શરૂ થ.પછે ને ચીત્રસેનનું લશકર પાછુ જાયછે

૧૮ જંગલના અંદર સેનાધીપતી. પોતાના માણસ સાથે. પોતાના રાજા પકડાયાના પ્રશ્ચાતાપ કરેછે ને સુશીલાના બાપની સ્હાય મ ગવા જવાનો ઠરાવ કરેછે. *

૧૯ દુસ્ટરાયનો ખાનગી મહેલ. સુશીલાને કેદ કરેલીછે ત્યાં, દુસ્ટગય આવી ધણું સમજાવેછે. પણ વૃથા જાય છે. અને સમજતી નથી ત્યાં આગળ ચીત્રસેનને બોલાવી ઢેડને હુકમ કરે છે કે ચીત્રસેનને ધડથી માથું જુદુ કરવાનો હુકમ કરે છે

૨૦ ચીત્રસેનને ઢેડ લઇ જાય છે

૨૧ તેને મારી નાખે છે.

અંક ત્રીજો.

૨૨ પ્રતાપભાનું દરબારમાં બેઠાછે ત્યાં સુશીલાનો ગુમ થયાનો શોક કરે છે તેવામાં એક જાસુસ આવે છે ને ખબર કહે છે ને દુસ્ટરાય ઉપર ચડાઇ કરવાનો હુકમ આપે છે

૨૩ વાઘજી ઠાકોર, તથા નવી. જુની. તથા પાડોસી,

૨૪ જંગલની અંદર ચીત્રસેન મુવેલો પડો છે ત્યાં આગલ અચાનક મહાત્મા આવે છે ને, પાણી છાંટી ચીત્રસેનને સજીવન કરે છે

૨૫ પ્રતાપભાનુંના માણુસો જંગલ અંદર ખાંનગી ફરે છે ત્યા આગલ ચીત્રસેનનો મેલાપ થાય છે, ત્યાંથી સરવે મલી દુસ્ટરાય ઉપર ચડાઈ કરે છે

૨૬ . ફુરટરાયનો મહેલ સુશીલા ઉપર જુલમ ગુજારે છે ત્યાં આગળ પ્રતાપભાનું તથા ચીત્રસેન આવી પકડી લે છે ત્યાં આગળ સરવેને ભેટો થાય છે ને ઇશ્વર પ્રાર્થના કરે છે

સુશીલા નાટકનાં

ગાયનો.

ગાયન ૧

સુત્રધાર—સ્વામી સરદાર કાયમ કીરતાર સજ્નાર. હા, હા, હા. હા, હા, હા.

વિશ્વધાર તુ તાર તુ માર અદ્દભુત ગતિ તારી.
કાયમકી કીરતારી સ્વામી સરદાર, કાયમ કીરતાર સજ્નાર,
દુનિયામાં નર નારીને સંભાળે જ્યારે સૌ બલિહારી.
સુમતિ અમને આપી ઇશ કુમતી નાખો કાપી,
સરણુ તિહારે આ...આ...આ...આ...આ...આ...
જગતને। સૌ જ્યારી (સ્વામી,)

ગાયન ૨

નટી—ઘનઘોર ઘટા જુવો સ્વામીનાથ
ચમકે ચપલા નભમાં પ્રસરે;
બની ઇંદ્ર ધનુષ્યની ઓર અટા. ઘન૦
ઝરમર મેહુલો બરસે. આડંબર કરી અનોપ છટા, બની૦

ગાયન ૩

સુત્રધાર—ચીત્રસેન સુશીલા દંપતી કષ્ટ અતિશે સહેતા
દારૂણ વનમાં દુખથી રહેતાં ત્રાહે ત્રાહે મુખ કહેતાં
ઇચ્છા સુખ લેતાં,

ગાયન ૪

સખીઓ—દર્શન કરીએ દર્શન કરીએ અતિ પ્રીત કરી.
(૨) ભજીએ મનથી શ્રી નાથ હરી,
છે લાભ આ મનુષ્યા દેહ ધરી, સ્વધામ જવું સંસાર તરી.
અતિ પ્રીતકરી દરસન કરીએ, દરસન.

ગાયન ૫

બ્રામણા—હુ મોદક મોદક હુ જપતો મળે કયારે મળે કયારે.
છે પ્યારા મારા એ લાડવા લાડવા ન જટપટ ખાવારે
ખાઉ લાડુ હુ ભર ગાડુ હુ ના! ના નહિ છાંડુ હું.
કોઇ કહે લાડુ ખવરાવુ ખુશી ખુબ થાઉ ઉરે મલકાઉ હુ
લાડુ. લાડુ લાડુ લાડુ મળે નિત લાડુતો વાહ, વાહ, વાહ (૨)

ગાયન ૬.

સુશીલા—રે મમ નાથની તે સાથ રહું કેદી હરી હું.
આ દીન રાતના સરધાતથી તો જાઉ મરી હુ, રે મમ૦
નવલ છું નાર હું આ વાર કરી ઉપકાર રે મોરાર,
સુખ સંસાર દે અપાર રહુ સુખમાં ફરી હું રે મમ૦
જીવણહાર પ્રાણઆધાર ને હું પ્યારથી હરવાર
આ દગ દારથી આધાર નીરખુ હર્ષે ભરી હુ રે મમ૦

સખી—ધીરજધાર છે દીન ચાર મળે ભરથાર રે તે વારે,
સ્વયંવરમાંથી તે ઠાર, મળજે પ્રેમે વરી તું.

ગાયન ૭

સુશીલા—અરે મદન રહીત તનમાં અતિ વેદના કરે છે મનમાં
ઘડી ઘડી મને દનમાં (૩) અરે મદન૦
અંગ અંગ અતિ જંગ મચાવે, રંગ રંગના રંગ બતાવે,
ચીત લાગે ન આ વનમાં; (૨) અરે મદન૦

સખી— ગાયન ૮

વાહ તારા ચંચળ નેનાંની કુમારી પ્યારી પ્રેમ ઘેલી છકેલી હો સાહેલીયા;
પ્યાર પ્યાર રટુ પ્યાર દીલમાં નહિ કંઇ વિચાર
જોબનમાં જાતી જણાતી જરૂર સર્વે જાણી ગઇ તું ન ફીતુર
શાન્ત થા તું ધીરી થા, મદમાતી આ સાહેલીયા (વાહ)

ગાયન ૯

સુશીલા—મ્હારૂ જોબન વીતી જાય, સખી કાન્ત વિના હાય કરશું.
આશું તનમાં મને કામ. દમે સુખ ઊચરશુ મ્હારૂં૦
ચિતમાં અતિ ચંચળાઇ ચારે પાસ જારી,
ભ્રમણતા અતિ મનમાં મારી ભમી રહી ભારી. મ્હારૂં૦
ભૈભાનવતી બની મારી શુદ્ધિ ભુલી સારી.
રતીપતિ અતિ સતાવે. જાણી । કુમારી;
હારી બેઠી તેથી સખી હેઠી, હાય મરશું; મારૂં૦

ગાયન ૧૦

સખીઓ—જય જય જય શિવ ત્રીપુરારી, જય જય જય શિવ ત્રીપુરારી
ભાળચંદ્ર ત્રીશુળ ત્રીનેત્રા ધારી. (૨)

ગંગ સીર પર સોહે નગ કુહીતા, નારી જય જયo
ભસ્માસુર દાનવ દીધો તે મારી, (૨)
મદન દહીની સમો, નાંખ્યો તે બાળી જય જયo

ગાયન ૧૧

સખીઓ-સુસીલા—

રૂડા દીસો છો રાજવીરે, મોહન મારાછો રંગ રસીયા.
સારા સજયાં સણુગારરે મોહન મારાછો રંગ રસીયા.
તાલ દઇ પગ ઠુમકેથી ચાલો,
પ્રીતમ પ્રાણુ ઓધાર નૌતમ નટવર નાગર

સાખી

કાન કુવર અલબેલડા, છોગાળા છો છેલ.
કામ સમા દીપો તમો; જરી ન દીસે મેલ.
તાલ દઇ પગ ઠુમકેથી ચાલો.
પ્રીતમ પ્રાણુધાર, નૌતમ નટવર નાગર.

ગાયન ૧૨

કાજીબા—સાજણુ તારા સેણુ, લાગે છે રળીઆમણા.
નિરખુ કેદી નેણુ, દખનાતો ડુગર પડયા.
સજણુ કેરા દુખ, સપ્નવંત હરવે થયા.
વરહે ધારા. દખ. પ્રીતમ કેરા પાસમાં.
મારા હજણુ મારા તન મારા મન મારા ધન.
મારા હૈડા કેરા હાર, મારા પ્રેમના હરદાર.
દેસો કેદીરે દરહન, મારા મન મારા ધન.

ગાયન ૧૩

બારંગનાઓ—

રસીલા રંગે રમવા આવો ભાવે ભેટોભીજોને ભીંજાવો, રસીલા•

જામ્યું જીવન જોઓ જોબન જોરૂમાં દીયો દીયો દંડ દાવો,

પ્યાલા ભર્યા પ્રીતી રસના પીયુંજી પીયો પીયો

પીયો પ્રેમે પાવો, રસીલા•

આંખ ઇસારે અલબેલા ન આંજશો લીયો લીયો લીયો

લાલા લાહવો રસીલા•

ગાયન ૧૪

સુશીલા—હાય ફસી હરી હરે છુટું ન હું મરી અરે,

અસહ્ય દુઃખ શિરપરે દે નિવારી તું ત્વરે,

નજર શી ફરી અરે છુટું ન હું મરી અરે

દોષ દે નિવારી તું. કષ્ટથી ઉગારી તું.

નમુ ચરણ પડી અરે, છુટું ન હું મરી અરે.

ગાયન ૧૫

કૃત્યાસુર—દુષ્ટ નાર કર પ્યાર મારી કાપીને આવાર.

રાક્ષસનો હું છું સરદાર શુરવીર.

દૈવ તાબે છે હજાર. જીતે નહિ કીરતાર

બીતી તજી રહુ આ ઠાર ધરી ધીર

કામ જવાળથી ઉગાર રહું બની તાબેદાર,

નહિતો મારીશ, તુજને માર ધરી ધીર.

બનીને અતિ લાચાર. કર સ્તુતી તુજ અપાર

બનુ તારો પ્રાણાધાર.

સુશીલા..................દુરથા અરે બદકાર

કૃત્યાસુર—નહિતો મારીસ તુજને માર ધરી ધીર.

ગાયન ૧૬

સુશીલા—ભલે ઝટ લેતું મારા પ્રાણ. હું સત્ય નહી છોડુ ભલે૦

દયા તું તન કાં ધરે છુ અબળા નિરાધાર

જાણી કર મારી વાર શઠ વિશય સુખ ન માણુરે.ભલે૦

ગાયન ૧૭

સુશીલા—રોઉ દીનરાત. દીનાનાથરે હાય વિખુટી થઇ હુ તાત. રોઊ૦

જોઊ મમ મ.ત હું કયારે હરે. માલીક બની હું આસાથ.રોઊ૦

ગાયન ૧૮

ચીત્રસેન—કહું કર્મ તણી શી કાંણી. થયું રાજપાટ ધુળધાણી.

સગાસ્નેહી કુટંબ કબીલા. કયાં રાજા કયાં રાણી,

બનવન ભટકુ દરીદ્ર થઇને, કરીશ દેહની હાણી,

કહુ કર્મ તણી શી. કહાણી,

ગાયન ૧૯

ચીત્રસેન—શ્રમ થયો તનનેરે હો કંટક પગ તળમાં અતિ ખુંચે,

નિરખી ડરૂ આ વિકટ વનને ચેન પડે નહી મનને તનને શ્રમ૦

ચંદચંદ સમ સુખ થયું મ્હારૂ, જીવતર થયુ આકારૂં

ઇશ દયા કરી સુખ દે સારૂ ઝટ ઝટ મળુ જઈ સ્નેહી જનને શ્રમ૦

ગાયન ૨૦

સુશીલા—કરમ ગતી કીરતારની, કયાં રંકને કયાં રાય,

કાળ ચક્ર શીર પર ફરે ફરે આવી તે માંય,

ફસાવી હાય પાપીએ છોડાવી માતને તાત,
કરી તનથી દુર નાતને જાત. ફસાવી૦

ગાયન ૨૧

સુશીલા—કોણ બચાવે જગમાં જનમ્યો રાક્ષસને આ મારી,
આગાની જો રહાય કરેતો રાજી રહે ત્રીપુરારી
અરે છુ દુઃખીયારી, અતિ તે કરશે ઉપકારી

ગાયન ૨૨

સુસીલા—હાય ફસી હું પાપીને હાથે સંકટને શીદલે શીરમાથે હાય.
સુખ નવ થાએ પ્રાણુ આ જાયે હાય૦
કામ છે મોટુ જોને વિચારી બ્રહ્માંડ આવે નહી એક બાથે
વિખ શીદ વાએ દુખ અતી પાએ હાય૦
બાળક બુદ્ધિ છે. હજી તારી ભોગવવું પડસે દુખ સાથે
કષ્ટ શું ચહાયે. દીન. કહેવાયે, હાય૦

ગાયન ૨૩

ચીત્રસેન—છું ક્ષત્રી કેરો તન પાપીનો પરાજય કરૂરે;
ગરજવી મુકુ ગગન ત્યારેજ અંન મુખ ધરૂરે,
દુસ્મન. વિદરણુ કાજ. પાપી૦
અવતાર ધર્યો મેં આજ. ત્યારે૦
નથી બીતી ચીત મોઝાર પાપી૦
મારીકાપી કરૂ હું ઠાર. ત્યારે૦
હજી છે, શુરવીરનો અંસ. પાપી૦
પૃથ્વી નથી ગઇ નીરવંશ. ત્યારે૦

માજા મુકી નથી હજી ભાન. પાપી૦

સશીએ નથી બદલ્યુ સંસ્થાન ત્યારે૦

ગાયન ૨૪

સુશીલા—કમ નશીએ દુખમાં બોળી, રગડીને રજમાં રોળી.

મમ કર્મ, કથા છે મોટી, દીન રાત રહું છું રોતી.

એક દીવસ ઉપવન જોતી મનનો સંશય ખોતી;

(ત્યારે ત્યાં શું અકસ્માત થયો.)

તવ ગર્જત, (૩) થઈ મા કાળી

બે ભાન ગતિ થઈ મારી, હરી લાગ્યો. (૨) મને અવીચારી

તેથી અતિ (૨) થઇ દુખીઆરી હૈયામાં પ્રગટી હોળી

કમ નસીએ દુઃખમાં બોળી.

ગાયન ૨૫

સુશીલા—રાજ સીધાવ્યા આજ છોડી આ દનરે,

નિરાધાર મુજને મુકી મને વ નઅરે મુજ તનરે રાજ૦

હરો હરી મ્હારૂ કષ્ટ અરે આ, કેદી હું પામીશ પ્રિયા દર્શનરે. રાજ૦

ગાયન ૨૬

કુ૦ સુણ તું ગુલનાર, સુ૦ બળો તુજ દ્વાર;

કુ૦ ન થા તું ગરમ, સુ૦ શરમ છે શરમ;

કુ૦ હું રૂપાળો ભૂપ, સુ૦ જુઓ આ સ્વરૂપ;

કુ૦ રાખ મારો ભરમ, સુ૦ શરમ છે શરમ;

કુ૦ મારીશ કે ઠાર, સુ૦ અરે હું તૈયાર;

કુ૦ રાખુ છું મરમ, સુ૦ શરમ છે શરમ;
કુ૦ કહ્યુ મારૂ માન, સુ૦ ન થા તું નાદાન;
કુ૦ કર વાત નરમ, સુ૦ શરમ છે શરમ.

ગાયન ૨૭

શક્ષણી—મારા છલથી બલથી ફસાવી લોભાવી.
નયનના નખરાથી
વલી બનતું ચાલતા ચાલતા
શક્ષમણી જાદુવાલી કહેવ યું
જોબનમાં જલકાવું.
જાવું અહીથી હાલ ત્વરાથી છેલ નરો ભભકાથી મારા૦

ગાયન ૨૮

ચીત્રસેન—
અરે હાય કાન્ત વિના દુખકારી, કેવી હાલત થઈ આ મારી હાય૦
રૂપ મનોહર સોભીત, સારૂ શુદ્ધ ભૂલ્યો હું સારી હાય૦
સચરાચર અજર ઈશ, વ્યાપક હે વીભુ પ્યારી મેળવ તું મારી;
નાર મેળવ તું ઈસ કૃપા કરી દયો સુખ ભારી
વિઘ્ન દેજો આ વિદારી હાય૦

ગાયન ૨૯

ચીત્રસેન—ભાગ્ય વિના નર ભમતા, ભવમાં ભલા ભારી.
અતિ દુખીઆરી હાલત ધામા દેતુ નિહારી (ભાગ્ય)
સુશીક્ષા મમ જે પ્યારી, વિયોગે અતી દુખીઆરી
આપતિથી લે ઉગારી, કષ્ટ કાપે કરુણા કારી. (ભાગ્ય)

કથુ કષ્ટ શું ગીરધારી. વાણી ન પહોચે બિચારી
વિનતી ચાલે વિભુ મારી ઇશ દયા કર આવારી (ભાગ્ય)

ગાયન ૩૦

અત્યુકા—કહોજી આપ દેશકીયે વેશ ખુબ ન્યારો કહોજી.
વેશ ખુબ ન્યારો છે ચેરો અતિ પ્યારો. કહોજી.
રજની રમાડો પ્રિય મેમાન થઇને;
કામગ્નિથી ઊગારો. કહોજી.
મુકી ધો ખોટા વિચારો કહોજી.

ગાયન ૩૧

અત્યુકા—વાલમજી છોડો મારા ભલા વાલીડા ન કહું તો શું કહું ? વાલ.
તારા રૂપ પર હું મોહી સ્વામીજી સદા જોઈ રહુ;
છે કંઠે પુષ્પની માળા વાલિડા ન કહું તો શું કહુ? વાલ.
તારી આંખ છે અણીઆળી, ભમર બની છે કાળી;
ગાલે ગુલાબી લાલી; લાલીડા ન કહું તો શું કહું? વાલ

ચીત્રસેન— ગાયન ૩૨

માનીજા નારીરે તું ધારીજો, તું ધારીજોરે, ધારી જો ધારી જો,
ધારી જો. માનીજા;

અત્યુકા— ગાયન ૩૩

જાની માની જા તું મુજ તન;
અરપું તુજને થાઉ ખુશી મન;
કરશું મોજ મજા ખુબ દનદન;
ફરશું જોડી થઇને વનવન;
થા સ્વામી જોઇ આ મુજ રૂપ;

ચી૦—   મરમ શરમ ધર ચુપ ચુપ ચુપ.
પ્ર૦— સુખડું મારૂં જો ભરથાર,
ચી૦— લાગો તુજ મુખમાં અંગાર.
પ્ર૦—સમજી જા શાણા દીલ ચુપ,
ચી૦—મરમ શરમ ધર ચુપ ચુપ ચુપ

ચીત્રસેન—   ગાયન ૩૪

જા ઠગારી નારી ન્યારી અહિંઆથી થા,
મારીશ લાતે આ લાતે આ લાતે બલા.
ચતુર નર છેતરત ચતુરા કહા,
તૃણુ ખાતે તૃણુ ખાતે તૃણ ખાતે બલા.   જા.

ચીત્રસેન—   ગાયન ૩૫

હાએ ભારી કેવી કારી છે અંધારી
નીશ: ભયાનક ભારી.
ભુંડ ભુંડ અતી દીસે. પ્રભુ તું દે તારી.   હાએ.
વીકટ વન શું દે હું હાયે કરૂં છું.
મોરારી વીહારી દે દુઃખ આ ભારી   હાએ.

ચીત્રસેન—   ગાયન ૩૬

હાયે ધરૂં કેમ ધીર,
ધડક ધડક મમ હ્રદયજ ધડકે. અલૌકીક આ નીર હાએ.
થરર થઇ કંપે અતી તન મન, સુખ ન મળે શરીર.
સ્હાય કરો શ્રીપતિ આ દીનની. ભાગો મારી ભીર. હાએ.

આકાશવાણી—   દોહરો

ધીરજ ધરી નર કીજીયે, સકળ કામ થાય સિધ્ધ;
હીંમત હારે ના સરે પમે તે નવનિધ.
છે ગતી હરીની ન્યારી, ગયા દેવ દાનવ સૈ હારી. છે.
નારદ શારદ શેષ નરેશ, ભેદ પામ્યા ત્રિપુરારી. છે.
અમુલ્ય ચીજ તુજ પાસ પડી છે કામ કરશે તે ભારી છે.

અપસરાઓ— ગાયન ૩૭

અજીત રમત રમનાર હીજી હુ રળીયાળા રસીક ચીત્રસેન.
હર્યું તેં ચીત બે માળા.
કર્યું તાત નામને તે છતુ, નથી હર્ષ સીમા. હુ શુ દહું.
પ્રીતમ હો બાળા. અજીત.

ચીત્રસેન— ગાયન ૩૮

માનુ ઊપકાર તારો આભાર અરે સૃજનાર.
મન મારૂં વારૂ અતી તુજપર હું.
અધા કોટી હરના તું કરના તું કીરતાર;
કાપો દુખને આપો સુખને માનુ૦

સુશીલા— ગાયન ૩૯

અરે સું તું મુજને. હરિ દુ:ખ દઇ મારીશ હવે;
નીરાધારે બાળા, બળિ જઇશ હું દુ:ખદ દવે.
કીયે જન્મે કીધાં દુરીત ફળીઆ દુ:ખદ આ;
હરીરે ઉગારો, વીનતિ સુણી કાને ધરી દયા.

કૃત્યાસુર— ગાયન ૪૦

નાર નાર તું પ્યારી વીચાર લગાર આવાર
કરીશ તુજને હાર અરે આ સમે.
સમજ પ્રાણ આધાર અરે આ સમે.
રંગીલી રસીલી છબીલી, સજીલી નાર હઠીલી
જાણી લે તું મુજને યાર, મારીશ માર માર તાબેદાર.
કરીશ હું આ વાર વાર. નાર નાર.

સુશીલા— ગાયન ૪૧

દુષ્ટ દુર મુજ તનથી તુરે, ઓ નાદાન ન કરતું હેરાન
નાર પર વાર શું કરે આહાર, દુર, દુર, દુર, થા હેવાન.
નિચ કૃત્ય કરતમાં, જાણે તારી જાન. પાપતું, કાપતુ
પાપી બાની, આ મમ માની, જાતું માની માની. દુષ્ટ૦

મુરખ મુરખ જાર કરમ તું છોડ જાણી લે તુ જગત છે ફાની
બની જાતુ જ્ઞાની, અતી ગુમાન, નશ્વર ધ્યાન.
અને-૧જી દે તુ આ તોફાન. હઠ હઠ દુર દુર થુ થુ થુ થુ
ફીટ ૧ર તુજ મુખનીપર રહેસે સદાની.

સુશીલા— ગાયન ૪૨

કરૂણાના સાગર, નટવર નાગર વારે ચડો વનમાળી
વેલી વીંઘાણીરે કોઇ બચાવો, આવોરે આવો
પર દુખ ભંજન માલી
ઘેરાણી પંખીનીરે કોઇ બચાવો, ધાવોરે ધાવો.
હીત તણા હીત કારી, કરૂણાના સાગર

સુશીલા— ગાયન ૪૩

આશાભારી મારી સર્વે તુટીહો
માત તાત ભ્રાત જાત દુર કર્યા જગત તાત
નિશ્ચયછે મરવું જાણીં હું છુટીહો. આશા.

સુશીલા— ગાયન ૪૪

ઓરાં આવો ભાવે ભેટો ન તલસાવો;
મધુરી વાણી ખટકી અટકી ના તરસાવો
સુંદર વર ઓ છોગાળા;

ચીત્રસેન—વા ઠીક કરો અણમારા;
લટકેથી મન લોભાવો ઓરા૦

સુશીલા—શાને તરસાવો શાણા પ્યારા પ્રીતમજી મારા આવો.

ચીત્રસેન—આવોજી ઓરા આવો અલબેલી તમારી
રહેમ નજર વરસાવો; ઓરા૦

અંક ૨ જો.

રૂડકી—   ગાયન ૪૫

મુવા અહીંયાંથી તું જા મને શીદ પજવે;
મને શીદ પજવે મને શીદ પજવે;

છોકરો—ઓ માડીરે ભુખ લાગીરે; ગ્યો બાપ મારો ક્યા માગીરે;
રૂડકી—તારા બાપનુ કાળજું ખા; મુવા મસાણે તું જા.
છોકરો—પણ રીસે ચઢીકાં;
રૂડકી—લે લેતો તું જા.
છોકરો—ઓય બાપા—   મુવા અહી૦

રૂડકી—   ગાયન ૪૬

ચાલ્ય વાહલા મુછ લાડ લડાવું;
રેહો તારો જીવડો બાંધ્યો રૂડીઆના જીવથી

રૂડકી—મેરરે મુરખ બકે તું: કહે કહેવાની વાત હો તારો; જી.
છોકરો—રૂખડ કાકો કાખલી કુટે.
રૂડીઓ—જા જા મારીશ લાત હો તારો. જીવડો.
રૂડકી—સોકરડો આ ભુખે મરેછે, દેખાવાને અન હો તારો; જી.
રૂડીઓં—રાંડ કહેકું લાવુ ક્યાંથી. રજળ્યો બહુ વન હો તારો; જી

ગાયન ૪૭.

છોકરો—મુક મુક મને જવાદી માડી,
રૂડકી—નહી નામ, લે આ ઠામ,
છોકરો—ઠરી ઠામ આવુ આમ ધરી ધીરરે—મુક મને૦
રૂડીઓ—રાંડ દુખી ના થાતુ હાથે
છોકરો—બાપા આવું હું તારી હાથે.
રૂડકી—જા મર તું.
રૂડીઓ—ચુપ કર તું
છોકરો—બાપા આ ઘડી, પેરો પાઘડી, પીરો ખુબ તાડી મુક મુક મને૦

ગાયન. ૪૮

કુંમાર—કષ્ટ કાપ્યું શ્રી હરી કૃપા દ્રષ્ડી તેં કરી
ચીત્રસેન—દુખથી નહી ડરી જવું જરી
કુમારી—સુખદ દીધા તેં ત્વરી દીનતા કીધી તે પરી
ચીત્રસેન—કથું અરે શુ ઉચરી હું હરખડી.
કુમારી—જય જય જય થયો વિજય હરી
ચીત્રસેન—તાજ તખ્ત દીધું તે ફરી સુખ દધીમાં રયોતરી દુખ
ગયાં વિસરી.

ગાયન ૪૯

રાજગુરૂ—પામો કીરતી અપારે સાર સહુમાં વામો અરી વાંચ્છના
જામો પુણ્ય પણે સદા જશ પુરા કામો કરો કીરતીના;
સામો શતરૂ સમસ્ત અસ્ત થઇ રહે નામો મહા પાપીના
આ મોટા નૃપને સદા સુભ હજે જામો જગ નામના.

વારાંગનાઓ— ગાયન ૫૦

જાયોરે કનાઇ મોસેરારકુ મચાઈ
અમ જાનત તુમરી ચતુરાઇ કુબરી કે સંગ આંખ લગાઈ
લપટ જપટ મોરી સીરકી ગગરીઆ ઓર ચુરી આ કરકાઇ જાયો.
જીઆચાહત તુમરે મીલવેકુ બાર બાર માંડુ ગરવે લગીઆં
બેગે બાહાર પ્રીયામં તુમરી દેત દુહાઇ જાયો.

ચીત્રસેન— ગાયન ૫૧

રોળીશ રણુમાં પળમાં ઓ પાપી, દેશ તને હું ખડગથી કાપી—રે.
મારીશ તુજને મોકમ મારે, દુષ્ટ હું ઘાલીશ પાતાળ ચાંપી—રે.
શોણિત તુજ શીરનું સુખ મેલુ ક્રોધ અતિ તનમાં રહ્યો વ્યાપી રે.

સુશીલા— ગાયન પર

વીરહ વાટ વીકટ વસી વાકુલ વનીત વામે ફસી
મન મુઝાય મદન માર શુભ ન લાગે સદન સાર
સાજન વીન ને વાત કરીએ વાકુલ

શોક સમી મુજ સેજ છે મન લલીતની લેજ છે
ઠામ ન રહે મન ઠીક કસી વાકુ૦

સુશીલા— ગાયન ૫૩

આવો રસીક મનોહર મનહર મુરતી શામળારે;
વીહવળ વ્યાકુળ વહાલમ વીણ આ બાળા પતળારે
પ્રીતમ પ્રીતી માળા પહેરાવું પરમાત્મારે
આપુ અધરામ્રત આલંગન વાલમ વાતમાંરે
શ્યામ સુંદર મમ પ્રેમ સ્નેહી
વામા વિલાસન વીઘ્ન વીનેકી પ્રીતમ પ્રાણાધાર.
સમજુ હૈયાહાર વીલાસી વસ વામળારે આવો૦

સાખી

ચંદ્ર વીના પ્રીય ચાતકી મુદત મન મોઝાર
દુર થયા દુખ ભેટતાં મલ્યો સ્વાંત આધાર
દીલહર દર્શ થકી મન હર્શ અધીક ભલી ભાતમાંરે
આપુ અધરામત આલી વાલમ વાતમાંરે

ગરબો.

સખીઓ— ગાયન ૫૪

ચોકને આંગણે ચાંદનીરે ખીલી રૂપેરી રંગરે,
આવો સાહેલી રંગ માણવા.
હૈયા ખોલીને બેનરે વાતો કરી લ્યો વાલની

સાખી

વાલા વસે વિદેશમાં, બાળા બાળે વેષ.
સૈયર સાસા મોકલું.શાણાને સંદેસ;

ઢાળ

કુંજલડીરે સંદેસો હમારો જે વાંલમને કહેજોજીરે
પ્રીતી કાંઠના હમેરે પખીડાં પ્રીતમ સાગર વિના

સુના સુનાજીરે કુંજદીને વાસો મોકો મહેરામણુ.
અમને અમૃત ખાણુ વાલા પ્રીતમ પ્રાણુ

સાખી

સાહેબો મારો સુલક્ષણો પર ઘર રમવા જાય
ઘરની સુખડી ના ગમે સોગન જુઠા ખાય

ઢાળ

તમારા સમ જો તમે મને વહાલા જુઠડા સમ શીદ ખાઓ છોજીરે.
પીયુ તમારૂ મનડુ માને ત્યાં જાવો છોરે
ઘી ભરયારે ગેબર ઘેર રજળે છે કુશકા ખાવાને ધકકા ખાવછોજીરે.
પીયુ તમારૂં મનડુ માને ત્યાં જાવો છોરે,

સાખી

સોલ વરસની સુંદરી સ્વામી વરશે સાઠ
મોઢું જોઈને મોહી રહ્યા લાડકી રતી લઠ
પગમાં કાંટો વાગ્યો નહિરે જીવું હુનો નહીરે જીવું;
મારી સગી નણંદના વીર હો લાલ; પગમાં૦
તેડાવજો મારા બાપાજીને જોગી જતીને તેડાવજોજીરે નહી૦
ચોકને આંગણે ચાંદનીરે૦

ગાયન ૫૫

સુશીલા—પીઉજી હાય તજી ના જાગો નમેરા નાથજી નાથનો
વનીતાથી વીયોગી સું થાયો વીરહશે વીકું આપનો
વીધુ વીણા જામીની જેવી વર્ષ વીણ દામીની એવી
કાન્ત વીણુ કામીની કેવી સહુ શુ સોક ત્રીવીધ તાપનો

ગાયન ૫૬

ચીત્રસેન—ગોરી શું ગેડલા થાયો સદાના સુકય પદ પાઓ
પલક પલટે પલક લહવો નહી આવે વખત ગાપનો
સુશીલા—ચંદને ચાંદની બન્ને ગણેના આપને અન્તે
નીકટ શોભે નીશીદને સૈયોગે સીધછે જાપનો (પીયુજી)

ગયાન ૫૭

ચીત્રસેન —દુષ્ટ દમુ પલકમાં ખ્યાત થાઉં. ખલકમાં
જાણી એક છલકમાં જોર ઝાઝું
ભુજ મુજ ફરકે દેહ મુજ થર થરે
ઝુમીને કડ કેમુખ ગ.જાુ—દુષ્ટ૦
ગંદને મારવા અરથી ઉગારવા
ક્ષત્રીને સારવા જનમ લીધો
તેથા મરવું ભલું માર્ગ સીધો—દુ૪.

ગાયન ૫૮

લશ્કર —સુરજન દુસ્મન કરો પાયમાલ
હા સરદાર કરીએ બેહાલ
સુરવીર રણધીર જઈ નાખો જાળ.
ર ત મારી કઢો લાલ
તીર તમંચા, કટાર બરછી, ભાલા તલવાર,
ભોકી મારો અતી માર
કરી અરીની તો હાર લુટો શહેરને બજાર
સૌ બોલો જય જયકાર
દુરજન દુરજનને કરો ઠાર,
ચાલો ઠવીક મર્દની ચાલ.

ગાયન ૫૯

સુશીલા —જુઓ ચંદ્રની શોભા રાજ શોભે સારી રે
કળા પુર્ણ પ્રકાશી આજ શીતલતા ભારી રે
મંદ મંદ સુગંધી સમીર સદા વહે જારી રે
વીયોગીની મારે તીર દુખદે વધારી રે
દુર દેશ ગયો ભરથાર તેને કષ્ટ કારી રે
તેનો એલે ગયો અવતાર અભાગણી નારી રે
તમે કાયમ રહો સીરતાજ જાઉ વારીરે
રહો સુખથી સરવે સમાજ અરી જાય હારીરે જુઓ.

સુશીલા— ગાયન ૬૦

પ્રિય વર્ષાની અજબ બહાર. કરે અંબુદ કુંભી છત્રની અપાર—વ૦
વિધુત તુંગ ધ્વજા મહા ફરકે સુરેદ્ર ચાંપ અતિ નભ મોઝાર—વ૦

સુશીલા— ગાયન ૬૧

કોઇ આ દુખીઆરીની જાણે દાજ હાયરે પ્રભુ રાખો લાજ કોઇ.
આશાના સપનામાં રમી રહી ભમરી ગાનમાં ભાન ભુલી રહી
કોણ ગતી આ રમણી હરણીની હે પ્રભુ રાખો લાજ કોઇ.
દુખના ડુંગર પર અટકી રહી એક દીશાયે સુજ પડે નહી
બાપલડી અધવચમાં લુટાઇ ગઇ હે પ્રભુ ગરીબની વાત કોઇ.

કુંવરરાય— ગાયન ૬૨

પ્યારી વ્યાકુળ ન થા તું લગાર
ભાગ્ય ઉદય થયાં પ્યારી સમજ મન
ચીંતા ન ધર તુ ચીત મોઝાર પ્યારી૦
કાંતી તારી જોઇ હું સારી જાઉ વારી વારી રે દીલદાર
તું દુઃખીઆરી ગામાં પ્યારી આજ્ઞા મારી માન આ ઠાર,
કષ્ટથી ભારી દો ઉગારી તુંજને નારી હું આ વાર,
અર્પુ આજ સર્વ રાજ તન મન ધન પ્યારી વ્યાકુળ,

સુશીલા— ગાયન. ૬૩

મુરખ તજી વ્યભીચાર સમજ મન, સાર ન લગાર થઇશ ખ્વાર.
ઓ પાપી ઇશનો બનીશ ગુનેગાર—સમજ મન.
શરણુ પડી કરૂં અરજ હું તારી, દીન પર કર ઉપકાર.—સમજ મન.

કુંવરરાય— ગાયન. ૬૪

હો પ્યારી જાન મુરત પર વારી
અતિ દમક ઝમક મુખ તરી
રંગીલી રસીલી છબીલી થા મમ નારી, પ્યારી૦
તુજ વીણ નીશદીન દુઃખ દીન ભારી.
તન મન ધન સૌ અતી કષ્ટ કારી
સારી હાલત આ મારી અતિ બની દુઃખીઆરી પ્યારી૦

ચીત્રસેન— ગાયન. ૬૫

જાઉ છોડી ત્રીયા તુજને આ સમે.

સુશીલા—જીવીને શું કરૂં હાય મરવું ગમે
ચીત્ર૦—કર્યા પાપ અમાપ અતિ મે ઘણાં.
સુશીલા—હાય વેરી વિધાતા શું અમને દમે.
ચીત્રસેન—ભેટી લે સુશીલા મુજ તનથી અરે.
ભળશું ભવ પેલે અરેરે ખરે. જીવીને૦
સુશીલા—નાથ આપ વિના સુખ સઉ વ્યર્થરે !
મારો સ્વામી ગયો સુખ નિધિ હર્ષરે !
હાય તજી મને ચાલ્યા શુંરે તમે.
ચીત્રસેન—હાય શોક શી રીતે સમે. જીવી૦

ચીત્રસેન— ગાયન ૬૬

જા ન તું ધીર હારી પ્યારી. ઇશ્વર સહાય કરે હવે તારી
થઇ છે હાલત મમ દુઃખીયારી, જા ન તું૦
લખ્યા લેખ ભવીષ્યે ભારી ટળે નહીં જો ચહે ગીરધારી.
રે જે હવે તું સુખથી નારી, જાઊ છોડી પ્યારી મારી.
છેલ્લી ભેટ પ્રિયા લે સ્વીકારે, પ્રનમું કોટી વાર વારી.

ચીત્રસેન— ગાયન ૬૭

મેલી દે ને મમતા માન આખર આવશે અવસાન
જાણી લે જગત જંજાળ જ્ઞાની થઇને ભજ ગોપાળ
ભમતો શીશ કપરો કાળ વરવો વેશ રૂપ વીશાળ.
સાખી—સરજી આ સંસારમાં સમજયો નહી સત સાર
ફોગટ ફુલ્યો ફંદમાં એળે ગયો અવતાર
જાણ્યા નહીં જગદીશને, નિરખી નજરે નાર
હારી બાજી હાથથી પામ્યો નહી ભવપાર
જમડા જાશે ભક્ષી જાન, આખર આવશે અવસાન—મેલી.
સાખી—સિતાપતિ અરી ચૌદ ચોકડી રાજય કર્યું વિસ્તાર
આખર તે પણ આવીયો કાળ મુખ નિરધાર
રઘુરાય જે ધર્મ ધુરંધર ન મળે કાંઇ આકાર
છપ્પન કોટી યાદવ સાથે, ગયા કૃષ્ણ મુરાર
પાંડવોનું કયાં છે સ્થાન, આખર આવસે અવસાન મેલી.
સાખી—જનમે એટલા જાયછે, નામજ તેનો નાશ;

ભજન કરી ભગવાનનું, કાપીદે જમ પાશ.
મમતા માયાકેરી તનથી, તજીદે મોહ આશ.
જાપ જપીલે જગમાં જેનો, પ્રસરે અતિ ઉજાશ
ધરી લે કથન નું કાન, આખર આવસે અપશાત. મેલી

ચીત્રસેન— ગાયન ૬૮

હરો કમળાપતિ આ કષ્ટ મારૂ નષ્ટ કારી;
દાવાનળ દુખથી લેજા હરી મુજને ઉગારી;
ગુણકાની સાહે કરી; કીરની ગતિ સુધારી
વિદુરની ભાજી ભક્ષી, ઉગારી અહલ્યા નારી

ચીત્રસેન— ગાયન. ૬૯

નજર કરતું મુજપર અરે કીરતાર, હુંછું લાચાર.
કરી ઉપકાર જાય પ્રાણ આ મારા વંદુ વંદુ વંદુ
હું ચરણ મોરારી લે મુજને તું તારી
છે કોપ સવારી શીર ઉપર ભારી
ઓ સરજનરે હાર સંસારની પાર
કર અસુરારી માનુ અતિ આભાર--

ચીત્રસેન— ગાયન. ૭૦

દયાળુ દેવ દેજે દોષ મારા તું નીવારી
ભટકી ભવ વીષે ભગવાન ભુલ્યો ભા ભારી
રામો સગે રમીયો રંગથી હું રે મુરારી
પાપ અમાપ કાપી બાપ દેજે તું અપારી
શરણે આવું ગતી મારી હરી દેજે સુધારી
અંત સમે કરૂણા યુકત સ્તુતિ આ ઉચારી

અંક ૩ જો.

પ્રતાપભાનુ— ગાયન ૭૧

વ્યર્થ જન્મ આ જાયે વહી, વિયોગે પુત્રી તેના દુઃખ સહી
કર્મે મારાં શાં આવી નડયાં આ કષ્ટ હયારે નહી. વ્યર્થ
સાહે મોરારી કરજે તું મારી દશરથસમ ગતિ થજી વ્યર્થ.

દરબારી— ગાયન ૭૨

હીંમત હારો ન આજ. હીમત હારો ન આજ
કુશળ કાજ સૌ સમાજ, થશે રૂડુ રાજ
તજો શોક અવાજ, તજો શોક અવાજ
સાગર પાજ દુઃખના ઝાઝ. તરી જાશો તાજ.

વાધજી— ગાયન ૭૩

હાય મુઓ હું ઠાર અરે બે નાર ધરથી લાવ્યો ધરમાં
ઝેર હળાહળ ખાઇ મરૂ કાં જઇ પડુ હું સમુદરમાં,
કજીઓને કંકાશ કરે, નીશદીન અરે તે નાર ખરે,
મૂછ ખેચી કોઇ લાતજ મારે, એક આવીને ચુટી ભરે.
એક કહે સાડી કરી આપો, એકને ચોળી જોઇએ અરે.
એકને ખાવા માલ મલીદા, એક હેમની ઇચ્છા ધરે
ઇશ દયા કરી લેતું ઉગારી, માન વિનાકાં નાખે મારી.
ઇચ્છો જગમાં ઇજત સારી, સર્જન કરશોમાં એ નારી.
તેથી બળાપો થાય સદા દુઃખ ઝાળ બળે મુજ અંતરમાં.
ઝેર હળાહળ ખાઇ મરૂ કાં જઇને પડુ સમુદરમાં.

વાધજી— ગાયન ૭૪

કહો બન્ને કર્કાશાઓ રે કંકાસ કાં કરો
કરો મહેર માવડીઓ ક્રોધ પરહરો
રે ખાતાં પીતા ખેલતાં ખુશી થઇ ફરો
લડાઇ આચરો મફત કાં જઇ મરો

નવી-જુની—જાજા રે ભીખારી હું ફરીશ ધાત તારી

વાધજી—થપ્પડ લપડ મારીશ હું નો આ આ આ
માટે સમજી જાને રે નવી મુગી થાને

નવી—જુની—મારો મારા રોવાને

વાધજી—બાપલીયા ધોડજો,

પાડોસી—હાં હાં હાં કહો કેમ કાકા વાધજીને મારો કાઢી માર

નવી—જુની—કરી હે હમારે કાઢી મુઆ લુટનાર

વાઘજી—હવે હારી બેઠો રાંડો તમથી હજાર વાર
પાડોસી—કાકી માની જાઓરે વીચારનો લગાર
નવી—જુની—મળ્યા ભોગ તારાં આ વારે આ વારે વારે
પાડોસી—બસ બસ કાકી હાં હારે હાં હાં હાં હાં હાં હાં

ગાયન ૭૫

નવી—ફાટી મુવો રોજ મને સતાવેરે.
જુની—પીટડીયાને લાજ જરા નહી આવેરે
પા—પીટડીયાને લાત મારો—દાંત પાડો કેસ તોડો ભોંય પછાડો
ગડદા મુકી મારી કાઢો સાંબેલાના ઝટકા ઝાડો ઝપ્પો ઝપ
ઝપ્પો ઝપ ફાટી૦

ગાયન ૭૬

પડોસી—જુઓ જુઓરે ભાઇઓ સોંગ આજે,
નવી-જુની—મુઆ મરે ફાટી પડે, પુંજા જડે, કીડા પડે જા જારે
વાઘજી—વાહ વારે કુડા કરે છે કેવા ઢોંગ આજે;
નવી-જુની—હું કુવામાં પડીશ; ઝેર ખાઇને મરીશ;
તને તરીઓ આવે તાવ મેર મુરખાના રાવ
પડોસી—બન્ને તજીને ખટપટ સોંગ આજે (મારતા લઇ જાયછે)
યોગીઓ— ગાયન ૭૭
વીસવાસી નરને સુંનેડો મારા રાજરે આ નરતો નુગરા સાથે નેડો
ના કરીએજી.
હંસલોને બગલો જઇ સરોવર બેઠા, ઉડી ચાલ્યાં ચારો કરવા તીર
મારા રાજરે. (આ નરતો નુગરા
દુધ સાકર પાઇને વશીયલને સેવો રાત દીવસ ખોળામાં રમાડો
પુછ દબાણો ત્યારે પાલખરને પકડો તન મનથી ઝેર ના મુકાય
સીહને શીયાલ જોડે સ્નેહ કરીને હેડી ચાલ્યા વનમાં શીકારે
મારા રાજરે, આ નરતો.
શીકાર કરંતા સીંહ જાલમાં ઝલાણો પાપી સીયાલે દોરી ના કાપી
માર રાજરે. આ નરતો

ગુરૂ— ગાયન ૭૮

અચળ રહો વસુધા પતી. રાજન આશીશ એહી હમારીરે,
સરલ રહાસે જાઓ યહાંસે સુખ પાઓ ગુલજારીરે;
વીકટ સમે હીમત નવહારો સાહે કરે ત્રિપુરારારે.

ચિત્રસેન ગાયન ૭૯

આ કપરૂ કષ્ટ છે કારી, વિયોગે પ્રાણુથી પ્યારી.
જુદાઇ જન્મ છે જારી વિયોગે૦
ન લાગે જીંદગી સારી બની હાલત દુખીઆરી
ભમુંછુ ભવમાં ભારી, વિયોગે૦
વિખુટી હય થઇ નારી, આ વરસે નેણુથી વારી
ચડી મુજપર લાચારી. વિયોગે૦
હતા જે છત્ર શીર ધ.રી, તે જાતા મુજથી હારી
જુઓ હાલત આ મારી. વિયોગે૦

ચી૦— ગ:યન ૮૦

ધીક જીવતર છે મારૂં ક્ષત્રીવટમાં કલંક બહુ ભારી
દૈવગતી છે ન્યારી દશા સુણી શી સુશીલા તારી.

ચી૦— ગાયન ૮૧

વીશ્વ રચ્યું તે વીધાત્રી ભાંગાપી અરે,
સુધર્મી નર આથડે કુકર્મી શ્રી કરે.
રાજન તે રઝળતા ફરે અર્થી બરોબરે,
પંડીત પામે કષ્ટ મુર્ખ છત્ર શીર ફરે
સુશીલા વીખુટી પ્રભુ તેં કરી ખરે,
મંદભાગી ચીત્ર હવે તું ન કાં મરે.

મતાપ૦— ગ:યન ૮૨

ઠાર ઠાર ઠાર ઠાર જઇને કરૂં હું ઠાર
પાપીનો કરૂ સંહાર મારૂં હું અતીશે માર
જતો ન મુકુ લગાર બીતી નહીં ચીન્ત મોઝાર ઠાર૦

સુશીલા— ગાયન ૮૩

સુખ ક્યારે આવશે દુઃખ કેદી આ જશે.

મમ તનમાં ક્ષણુ ક્ષણુમાં, ખટકાયે શું થાયે, શું થશે–ટેક
હુ કેવી પાપણી હાય ફસી અરી હાથે
મમ સ્વામી નત્ર પામી ગુણ ગામી બંધ કે દી કાપશે–સુખ
કુકર્મી પજવે કષ્ટ દીએ અતી માથે
દીનનારી દુઃખીઆરી આ વારી કયારે બચાવશે—સુખ

સુશીલા— ગાયન ૮૪

અરે નીચ લે આ મારી જાન, તું એ પાપી- અરે૦
અરે જગતમાં જીવી કરૂં શું,
તજી હું જાઊં આ તોફાન; તું દે કાપી અ૦
નેકી કરાલે બંદી તજી દે,
અરે હું કહું તુજને જ્ઞાન; નીતી આપી, અ૦
કંઈક મુવા છે જાર કરમમાં;
માટે શુદ્ધ મનથી હરી નામ તું લે જાપી. અ૦

સુશીલા ગાયન ૮૫

કોણુ બચાવે મુજને કેર કરે આ દુષ્ટ અતિકારી;
પ્રાણુ પતી ઉગારો તમવિણુ મારી દશા થઈ બારી

ચીત્રસેન— ગાયન ૮૬

ધન્ય દિન મમ સુખદ એ સુંદરી,
નિરખી તુજ ચંદ્રવદન જોઇ નવલ સદન;
અરી મદન પ્રસન્ન થયા ઇષ્ટ હરી—ધન્ય;
પ્રાણુપ્રિયા દુઃખ દુર થવા સહુ
સ્નેહથી કરી રહે સુખથી ભરી—ધન્ય

સુશીલા— ગાયન ૮૭

પ્રાણુનાથ ભેટી તમોને હું આજ
તમોને હું આજ રાજ તમોને આજ
સુધર્યા સહુ મારાં કાજ દુઃખદ
ભવસીંધુ હું પામીછુ પાજ—પ્રાણુ૦
આનંદે ઉરમાં લાગે અપાર

ખુશી અંતરની હાલ શાજ જોઇ સમાજ—પ્રાણ૦

ચીત્રસેન— ગાયન ૮૮

ઓ પ્યારી તારા મુખ પર કરૂં તન મન ધન કુરબાન;
ચંદ્ર વદન પ્યારી તુજ કમળ નેન નારી તુંજ;
નીશદીન પલછીન રીનદીન હર્ષિત થાઉ ધરો પ્રભુ ધ્યાન ઓ૦

સુશીલા— ગાયન ૮૯

હુ નિર્ખિ ખુશી થઇછું આજ.
પ્યારા પીતા જોઇ તમ પ્રીતી રીતી આપે,
ભારી જાણી સરી, જાઊં વારી તમ પર હુ મારાજ-હું.
છુટી પાપી હાથે, ઇશ કૃપાથી નાથ દયા સુખ સાથી. દયાથી.
બચાવી આજ નીરબળ પુત્રી તમારી,
જોઇ ચતુરાઇ કષ્ટ થયા સહુ તાજ— હુ નિ૦
મેં અરપ્યું તન મન, રાક્ષસને સદન;
દુઃખ થયા વનવન જપતી હું દનદન.
પાપી હું દર્શન, શુભ ઘડી ધન ધન;
પ્રફુલીત મમ તન, પીતા શીરતાજ. હું નિ૦

સર્વ— ગાયન ૯૦

રે સુંદર મનહર સુખકર દુઃખ હર ધન્ય ધન્ય દિન આ
તનના મનના વનના સહુ દુરીત દુર થયાં.
ભયથી જે ભારી કષ્ટરે કારો ઇશ આવારી નાંખ્યા તેં ટાળી
લીધાં ઉગારી અમને ભલાં. રે સુંદર.
પાપ અમાપ અપાર અરે કિરતાર આ વાર નિવારી દીધાં
ઉપકારી કર્યાં.
બાળક પાળક કાળક ટાળક બાળક માલક ન્યારી લીલા તારી
હારી ગયાં ભારી દાનવ દેવ મુરારી સદા રે સુંદર

સમાપ્ત.